# ગુજરાતમાં કોરોનાનો કહેર : ૭૬૬ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૬ કેસો પોઝિટિવ નિકળ્યા : હજુ છ દર્દીઓ વેન્ટીલેટર પર : ૬૪ દર્દીઓને કોરોના સામે જંગ જીત્યા બાદ રજા : મૃત્યુઆંક ૩૩ થયો

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને આજે ૭૬૬ ઉપર પહોંચી હતી. આજે અમદાવાદમાં ૪૬ સહિત વધુ ૭૧ કેસો સપાટી ઉપર આવ્યા હતા જયારે છેલ્લા ૨૪ કલાકના ગાળામાં કુલ ૧૧૬ કેસ સપાટી ઉપર આવતા ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૭૬૬ સુધી પહોંચી ગઈ છે. એકલા અમદાવાદમાં આજે ૪૬ કેસ નોંધાતા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. અમદાવાદમાં આજે નવા કેસની સાથે જ કેસોની સંખ્યા વધીને ૪૫૦ ઉપર પહોંચી ચુકી છે જયારે એકલા અમદાવાદમાં ૧૬ લોકોના મોત થઈ ચુક્યા છે. સમગ્ર રાજયમાં નોંધાયેલા કોરોનાના કેસો પૈકી અડધાથી વધુ કેસ એકલા અમદાવાદમાં નોંધાયા છે જેથી તંત્રને અમદાવાદ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આજે જે ૭૧ કેસ નોંધાયા હતા તે પૈકી અમદાવાદમાં સૌથી વધુ કેસ રહ્યા હતા. બીજી બાજુ હજુ સુધી છ દર્દીઓ વેન્ટીલેટર પર છે અને ૬૬૩ દર્દીઓ સ્ટેબલ સ્થિતિમાં છે. ૩૩ના મોત થઈ ચુક્યા છે અને કોરોના સામે જંગ જીત્યા બાદ ૬૪ ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ક્વોરનટાઈન ફેસિલિટીની વાત કરવામાં આવે તો હોમ ક્વોરનટાઈનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૧૩૦૫૯ છે જ્યારે સરકારી ફેસિલિટીમાં ક્વોરનટાઈન હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા ૧૯૬૦ નોંધાઈ છે. પ્રાઈવેટ ફેસિલિટીમાં ક્વોરનટાઈન હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા ૧૨૮ નોંધાઈ છે. કુલ ક્વોરનટાઈન હેઠળ રહેલા લોકોની સંખ્યા ૧૫૧૪૭ નોંધાઈ છે. રાજયમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજયમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદમાં કેસોની સંખ્યા ૪૫૦ ઉપર પહોંચી ચુકી છે જયારે એકલા અમદાવાદમાં ૧૬ લોકોના મોત થઈ ચુક્યા છે. જે વિસ્તારમાં વધુ કેસો નોંધાઈ રહ્યા છે તેના પર તંત્રની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે.

રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજયમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે અહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે આજે દેશમાં લોકડાઉનને ત્રીજી મે સુધી વધારી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ હવે લોકોને હાલમાં ઘરમાં જ રહેવાની ફરજ પડી શકે છે. લોકોને ૨૦મી એપ્રિલ બાદ કેટલીક સ્થિતીમાં શરતી રાહત આપવામાં આવી શકે છે.

હાલમાં તો સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવનાર છે. જેના આધાર પર નિર્ણય કરાશે. રાજ્યમાં કોરોનાના કેસોને રોકવા માટે તંત્ર દ્વારા તમામ પ્રયાસો ચાલી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ, વડોદરા અને સુરતમાં કેસો વધારે છે. નવા વિસ્તારો પણ સકંજામાં આવી રહ્યા છે. અમદાવાદમાં કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આજે રાજ્યમાં ત્રણ લોકોના મોત થયા હતા જે પૈકી ત્રણેયના મોત અમદાવાદમાં થયા હતા. સિવિલ, યુએન મહેતા હોસ્પિટલ અને એસવીપીમાં એક-એકના મોત થયા હતા.

| | |
|---|---|
| અમદાવાદ | ૪૫૦ |
| વડોદરા | ૧૨૧ |
| સુરત | ૫૧ |
| રાજકોટ | ૨૪ |
| ગાંધીનગર | ૧૬ |
| ભાવનગર | ૨૬ |
| ગીરસોમનાથ | ૦૨ |
| પોરબંદર | ૦૩ |
| મહેસાણા | ૦૪ |
| પાટણ | ૧૪ |
| કચ્છ | ૦૪ |
| છોટાઉદેપુર | ૦૫ |
| પંચમહાલ | ૦૫ |
| જામનગર | ૦૧ |
| મોરબી | ૦૧ |
| સાબરકાંઠા | ૦૧ |
| આણંદ | ૧૦ |
| ભરૂચ | ૧૩ |
| દાહોદ | ૦૨ |
| નર્મદા | ૦૨ |
| બોટાદ | ૦૧ |
| બનાસકાંઠા | ૦૨ |
| ખેડા | ૦૧ |

## પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે ડીટેઈન થયેલ વાહનનો છોડાવા વાહનચાલકોનો ઘસારો

પ્રાંતિજ, તા. ૧૫

લોક ડાઉન દરમ્યાન ડીટેઈન થયેલ વાહનોને છોડવા માટે જેતે પોલીસ સ્ટેશનમાંથી દંડ ભરીને છોડવાની સત્તા અને હુકમ કરવામાં આવતા ડીટેઈન થયેલ વાહનચાલકોમાં ખુશી જોવા મળી હતી. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોતાના ડીટેઈન થયેલ વાહનો છોડાવવા માટે વાહન માલીકો દોડી આવ્યા હતા તો સોશિયલ ડિસ્ટન્સ પણ જોવા મલ્યો હતો.





૨૧ દિવસના લોકડાઉન દરમ્યાન પકડાયેલા વાહનોને જિલ્લા આરટીઓ કચેરી ખાતે આરટીઓ દ્વારા નક્કી કરેલ દંડ લઈને છોડવામાં આવનાર હતા પણ હાલ સંક્રમણ જળવાઈ રહે અને વાહન માલીકોને જિલ્લા સુધી લાબુ ના થવું પડે તે માટે તંત્ર દ્વારા જેતે વિસ્તારોમાં આવેલ પોલીસ સ્ટેશનનોને આરટીઓ દ્વારા નક્કી કરેલ દંડ લઈને વાહનોને છોડવાની સત્તા જે તે પોલીસ સ્ટેશનને આપવામાં આવી છે. ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાંથી ડીટેઈન થયેલ વાહનોને છોડવામાં આવતા વાહનચાલકોને કોઈ અગમતા ના પડે અને હાલ ચાલી રહેલ નોવેલ કોરોના વાઈરસને લઈને સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે ટીઆરટીના જવાનો પણ ગોઠવવામાં આવ્યા છે અને ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સવારના દશથી સાંજના છ વાગ્યા સુધી વાહન ચાલકો પોતાના ડીટેઈન થયેલ વાહનો છોડાવી શકશે.

પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા આ અંગેની જવાબદારી પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ પટેલને તથા કોન્સ્ટેબલ વર્ષાબાને સોંપવામાં આવી છે અને તેવો દ્વારા સોશિયલ ડિસ્ટન્સને લઈને સુંદર આયોજન કરવામાં આવ્યું છે. તો હાલ તો વાહન ચાલકો પણ પોતાના ડીટેઈન થયેલ વાહનો છોડાવવા માટે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યા હતા. ડીટેઈન થયેલ વાહન ચાલકોએ પોતાનું વાહન છોડાવવા માટે આર.સી.બુક, ડ્રાઈવીંગ લાઈસન્સ, વીમા પોલિસી, પી.યુ.સી, આધાર કાર્ડ તથા વાહન ચલાવનારનું ડ્રાઈવીંગ લાઈસન્સ સહિતના પુરાવાઓ સાથે લઈ જવાના હોય છે.



## માલપુર માર્કેટયાર્ડમાં ખેડૂતો માલ લઈને ઉમટ્યા : ઘઉં ભરેલ ટ્રેક્ટરોની લાઈનો લાગી

કોરોના વાઈરસના પગલે લોકડાઉન લંબાવવામાં આવ્યું છે. કોરોના વાઈરસે ધીમે ધીમે દેશ તેમજ રાજ્યમાં પગ પેસારો કરી દીધો છે અને દિવસેને દિવસે લોકડાઉનનો અમલ થતો હોવા છતાં પોઝીટીવ કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. પરંતુ ખેડૂતો દ્વારા ખેતરોમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું ત્યારે રવિ પાક પાકીને તૈયાર થઈ ગયો છે અને ખેડૂતોના ખેતરોમાં તેમજ ઘરોમાં વેચાણ માટે પાક તૈયાર પડ્યો છે પરંતુ લોકડાઉનની અમલવારીને પગલે જિલ્લાભરમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર દ્વારા લોકડાઉન રાખવામાં આવ્યા હતા. અરવલ્લી જીલ્લાના માલપુર ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિમાં ખરીદ શરુ થતા મોટી સંખ્યામાં ખેડૂતો ઘઉં સહીત ખેતઉત્પાદન લઈ પહોંચતા ટ્રેક્ટરોની લાઈનો ખડકાઈ હતી મોટી સંખ્યામાં ખેડૂતો પહોંચતા માલપુર માર્કેટયાર્ડના સત્તાધીશો મૂંઝવણની સ્થિતિમાં મુકાયા હતા. અરવલ્લી જીલ્લાના સૌથી મહત્વના માર્કેટયાર્ડ એવા મોડાસા માર્કેટયાર્ડ દ્વારા ૧૬ એપ્રિલથી ઘઉંની ખરીદી શરૂ કરવામાં આવનાર છે. ત્યારે ખેડૂતોએ ઘઉં વેચવા માટે પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ખેડૂતે રજિસ્ટ્રેશનમાં ગામ, જથ્થો, મોબાઈલ નંબર, વાહન નંબર અને આધારકાર્ડ નંબર ફરજીયાત આપવાનો રહેશે. ૯૪૨૮૦૬૧૬૯૫ અને ૯૪૨૭૨૮૩૩૭૦ નંબર ઉપર ખેડૂતો રજીસ્ટ્રેશન કરવી શકશે. મોડાસા માર્કેટયાર્ડના ચેરમેન શામળભાઈ પટેલના જણાવ્યા અનુસાર, સોશ્યલ ડિસ્ટન્સ જળવાય અને ખેડૂતોને તકલીફ ન પડે તે માટે માર્કેટયાર્ડ દ્વારા જાહેર કરાયેલ નંબરો પર ખેડૂતો ઘઉં વેચવા માટે પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. ત્યારે તંત્ર દ્વારા ખેડૂતનું રજીસ્ટ્રેશન થાય બાદમાં ખેડૂતને પોતાના પાકનું વેચાણ કરવા માટે સમય અને તારીખ જણાવવામાં આવશે જે નિશ્ચિત તારીખ અને સમયે જ ખેડૂતે આવવાનું રહેશે. જો નક્કિ કરાયેલ સમય અને તારીખ મુજબ હરાજી માટે ખેડૂત ન પહોંચે તો રજીસ્ટ્રેશન રદ થશે તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું.



## ડીસાવાસીઓ કોરોનાને આવકારવા આતુર..!! લોકડાઉનના જાહેરમાં ધજાગરા

વિશ્વમાં મહામારી બની ચૂકેલા કોરોના વાયરસને નાથવા માટે સમગ્ર ભારતમાં બીજા તબક્કાનું લોકડાઉન અમલી બનાવાયું છે જો કે લોકડાઉનના નિયમોનું પાલન ડીસાવાસીઓ સહેજ પણ કરતા નથી. ડીસામાં મંગળવારે લોકો કોરોના વાયરસને આમંત્રિત કરતા હોય તેમ બજારોમાં ખરીદી અર્થે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સોસીયલ ડિસ્ટન્સ જાળવ્યા વિના દુકાનો ઉપર આડેધડ ભીડ કરી ખરીદી કરતા જોવા મળ્યા હતા અને અમુક લોકો તો મોઢે માસ્ક વિના પણ બજારમાં ફરતા જોવા મળ્યા હતા. ડીસાવાસીઓની આવી બેફિકરાઈ જોતા પોલીસ દ્વારા આવા લોકોને કાયદાનું સખ્તાઈથી પાલન કરાવવું પણ અત્યન્ત જરૂરી લાગી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય તેના માટે પોલિસ સખ્તાઈ દાખવે તે આજના સમયે જરૂરી લાગી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં સમગ્ર દેશમાં લોકડાઉન હોવા છતાં બજારોમાં ખરીદી માટે એકઠી થયેલી લોકોની ભીડ તંત્ર અને લોકો માટે સ્વાસ્થ્યનો માટે ખતરો ઉભો થવાની શકયતા પણ રહેલી છે. તાજેતરમાં બનાસકાંઠામાં કોરોનાના ૨ કેસ મળી આવ્યા હોવા છતાં પણ આ બાબતે લોકો ગંભીરતા દાખવવાના બદલે સતત બેદરકારીભર્યું વલણ દાખવતા હોય તેવું સામે આવી રહ્યું છે જો આ રીતે બજારોમાં સતત એકઠી થતી માનવ મેદની જોતા આરોગ્ય વિભાગ અને પોલીસતંત્ર એલર્ટ નહિ રહે તો ડીસામાં પણ કોરોનાનો કહેર વધવાની શક્યતાઓ જણાઈ રહી છે.

## કોવિડ-૧૯ રાહત માટે એસ્સાર ફાઉન્ડેશન ૧.૨૫ મિલિયન ભોજન અને ૧ લાખ મેડિકલ સપ્લાય પ્રદાન કરશે

કોવિડ-૧૯ રોગચાળાને પગલે એસ્સાર ફાઉન્ડેશન અખિલ ભારતીય સ્તરે અર્થસભર પ્રયાસો કરવા અને મુખ્ય પ્રવાહની રાહત પહેલોનો લાભ મેળવી શક્યા ન હોય એવા સમુદાયોની તકલીફો દૂર કરવાની કામગીરી કરવા આતુર છે.

એસ્સારના હ્યુમન રિસોર્સના ગ્રૂપ પ્રેસિડન્ટ અને એસ્સાર ફાઉન્ડેશનનાં સીઈઓ કૌસ્તુભ સોનાલ્કરે કહ્યું હતું કે "અમારા પ્રયાસો સૌથી વધુ વંચિત સમુદાયો સુધી પહોંચવા પર કેન્દ્રિત છે. મહારાષ્ટ્ર સરકારના કોરોના કન્ટ્રોલ સીએસઆર ગ્રૂપના ભાગ તરીકે અમે રાજયના વહીવટીતંત્ર સાથે સીધું સંકલન સ્થાપિત કર્યું છે અને વિવિધ અગ્રણી ગ્રૂપ સાથે સંયુક્તપણે કામ કરીએ છીએ. અમે કેટલીક કંપનીઓ અને નોન-પ્રોફિટ સંસ્થાઓ સાથે જોડાણ કર્યું છે, જેથી સમુદાયોની ઓળખ કરીને સંગઠિત અને આયોજનબદ્ધ રીતે રાહત પ્રયાસો હાથ ધરી શકાય અને લક્ષિત વર્ગો સુધી ફંડ પહોંચાડી શકાય. એસ્સાર કોવિડ-૧૯ રીલિફ ફંડ વિવિધ ગ્રૂપને ટેકો આપવા કટિબદ્ધ છે, જેને ખરેખર ફંડની જરૂર છે. અમે ફંડનું પ્રદાન કરવા એસ્સાર એમ્પ્લોયીઝ અને વરિષ્ઠ લીડરશિપ સુધી પહોંચ્યા છીએ."

### મહત્વના નિર્ણયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલી ફ્લોર મિલ્સ, રાઈસ મિલ્સ, દાળ મિલ્સ કાર્યરત રહે તેવી વ્યવસ્થા કરવાની કાર્યવાહી માટે સૂચનાઓ આપી હતી. શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં હાલની સ્થિતીએ મોટાભાગના જિલ્લાઓમાં કોરોના ટેસ્ટીંગ પૂરતા પ્રમાણમાં થાય છે તેની સમીક્ષા કરી હતી. તેમણે બાકી રહેલા જિલ્લાઓમાં પણ આવનારા બે-ત્રણ દિવસોમાં ટેસ્ટિંગ કામગીરી વધુ સંગીન બનાવીને કોરોના પોઝિટીવ વ્યકિતઓની ઓળખ અને સારવાર વ્યવસ્થાઓ માટે પણ દિશાનિર્દેશો આપ્યા હતા. હાલ યુરિયા, ફોસ્ફેટ અને પોટાશ ખાતર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આંતરિક વિતરણ વ્યવસ્થાના અભાવે પ્રવર્તમાન સ્થિતીમાં કોઈ જગ્યાએ ખાતરની ઉપલબ્ધિની તકલીફ ન પડે તે માટે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા કલેકટરોને સૂચનાઓ આપી હતી.

### રાહતો અપાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

- બાળકો, વિકલાંગો, માનસિકરીતે બિમાર લોકો માટેના આવાસ પર ઓપરેશન ચાલુ રહેશે
- નવજાત શિશુઓની દેખરેખ રાખતા હોસ્પિટલ ચાલુ રહેશે
- આંગણવાડીનું કામ ચાલુ રહેશે
- દૂરદર્શન અને અન્ય શૈક્ષણિક ચેનલોના મહત્તમ ઉપયોગ માટે કામ થશે
- સોશિયલ ડિસ્ટેન્સિંગ અને માસ્કની સાથે મનરેગાના કામ ચાલુ રહેશે
- સિંચાઈ અને જળ જતન કામને મનરેગા હેઠળ પ્રાથમિકતા મળશે
- સિંચાઈ અને જળજતન સેક્ટરમાં કેન્દ્ર અને રાજ્યની સ્કીમો ચાલુ રહેશે
- પેટ્રોલ-ડિઝલ, કેરોસીન, સીએનજી, એલપીજીનું વિતરણ જારી રહેશે
- પોસ્ટલ સર્વિસ અથવા તો ટપાલ સેવા યથાવતરીતે જારી રહેશે
- સેનિટેશન અને વેસ્ટ મેનેજમેન્ટ સેક્ટરમાં ઓપરેશન ચાલુ રહેશે
- ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ટરનેટ સેવા ચાલુ રહેશે
- તમામ માલગાડીઓની સેવા યથાવતરીતે ચાલુ રહેશે
- એરપોર્ટ ખાતે માલવાહક વિમાનોની અવરજવરને મંજુરી રહેશે
- ટ્રક રિપેરિંગ, હાઈવે પર ઢાબા ચોક્કસ ડિસ્ટેન્સ રાખીને ચાલુ રખાશે
- જરૂરી ચીજવસ્તુઓના પુરવઠા માટે તમામ સુવિધા ચાલુ રહેશે
- ગ્રામ પંચાયતોમાં જરૂરી સેવા ચાલુ રહેશે
- બંદર, એરપોર્ટ, રેલવે સ્ટેશન પર કોલ્ડ સ્ટોરેજ અને વેરહાઉસની સુવિધાઓ ચાલુ રહેશે
- હોટલો, હોમ સ્ટે, મોટેલ અને અન્ય સુવિધાઓ યથાવતરીતે ચાલશે
- ગ્રામીણ વિસ્તારમાં ઓપરેશનમાં રહેલા ઈન્ડસ્ટ્રીને મંજુરી
- આઈટી હાર્ડવેર બનાવતી કંપનીઓને મંજુરી
- કોલસા ઉત્પાદન, માઈન્સ, મિનિરલ પ્રોડક્શનનું કામ ચાલશે
- જ્યુટ ઈન્ડસ્ટ્રી સોશિયલ ડિસ્ટેન્સિંગ સાથે ચાલશે
- તેલ અને ગેસ સંશોધનની પ્રક્રિયા ચાલુ રહેશે
- ગ્રામિણ વિસ્તારોમાં ઈંટ નિર્માણનું કામ ચાલુ રહેશે
- માર્ગો, સિંચાઈ પ્રોજક્ટો, ઈમારતો અને તમામ પ્રકારના ઔદ્યોગિક પ્રોજેક્ટો ગ્રામિણ વિસ્તારમાં શરતો સાથે ચાલુ રહેશે
- રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટો ચાલુ રહેશે
- પોલીસ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સ, ફાયર, ઈમરજન્સી સર્વિસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, જેલ અને મ્યુનિસિપલ સર્વિસ કોઈ નિયંત્રણ વગર ચાલુ રહેશે

### માર્ગદર્શિકા જાહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગતિવિધિઓ ચાલુ રહેશે. કૃષિ સાધનોની દુકાનો, સારવાર અને સ્પેરપાર્ટ્સની દુકાનો ખુલ્લી રહેશે. ખાતર, બિયા, જંતુનાશકના નિર્માણ અને વિતરણની ગતિવિધિ ચાલુ રહેશે. આજે માર્ગદર્શિકા જારી કરીને તમામ વિગતો જાહેર કરવામાં આવી હતી. આઈટી સાથે જોડાયેલી કંપનીઓને વર્કફોર્સના ૫૦ ટકા સ્ટ્રેન્થની સાથે કામ કરવાની મંજુરી આપી દેવામાં આવી છે. ઈ-કોમર્સ કંપનીઓની ગતિવિધિ, તેમના ઓપરેટરોની ગાડીઓને છુટછાટ આપવામાં આવી છે. પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયાને છુટછાટ આપવામાં આવી છે. ડીટીએચ અને કેબલ સર્વિસને પણ છુટછાટ અપાઈ છે જેમાં કેટલીક શરતો તમામને પાળવાની રહેશે. શરતી રીતે છુટછાટો કેટલાક ક્ષેત્રોને આપવામાં આવી છે. લોકડાઉનના બીજા તબક્કામાં કેટલીક આર્થિક ગતિવિધીઓને મર્યાદિત છુટછાટ આપી દીધી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા આજે સવારે આની સાથે સંબંધિત ગાઈડલાઈન અથવા તો માર્ગદર્શિકા જારી કરી દીધી હતી. કૃષિ ક્ષેત્રને તો સંપૂર્ણરીતે છુટછાટ આપી દેવામાં આવી છે. જો કે આમાં પણ સોશિયલ ડિસ્ટેન્સિંગના નિયમોને તો પાળવાના રહેશે. તમામ છુટછાટનો ૨૦મી એપ્રિલના દિવસથી અમલી કરવામાં આવનાર છે. કાપણી અને આગામી દિવસોમાં નવી વાવણીની સિઝનને ધ્યાનમાં લઈને ખેતી અને ખેડુતો સાથે જોડાયેલા તમામ કામોને છુટછાટ આપી દેવામાં આવી છે.

### મંજુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારોમાં ચાલનાર તમામ ઉદ્યોગ ધંધાને મંજુરી આપી દીધી છે. આ વિસ્તારોમાં પરંપારગત ઉદ્યોગ ચાલશે. સાથે સાથે નવી ટેકનોલોજીથી ચાલનાર ઉદ્યોગો પણ ચાલશે. કન્સ્ટ્રક્શનને મંજુરી આપવાની બાબત ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જો કે, આમા કેટલીક શરતો રાખવામાં આવી છે. નાણાંકીય ક્ષેત્રને પૂર્ણરીતે ખોલી નાંખવાનો નિર્ણય કરાયો છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશનને મંજુરી આપી દીધી છે. વિમા ક્ષેત્રના દરવાજાને પણ ખોલી નાંખવામાં આવ્યા છે. આ તમામ ક્ષેત્રો ૨૦મી બાદ પોતાની ગતિવિધિ આગળ વધારી શકશે. ઘરમાં જરૂરી સુવિધા લોકોને મળી શકશે.

### વધુ કડક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઈન્ટ પર પોલીસે વધુ કડક વલણ અપનાવ્યુ છે. બહારથી આવતા વાહનોના નંબરોની પણ નોંધણી કરી રહી છે. જયારે શહેરના શોપિંગ બજારોમાં પણ પોલીસ પહેરો જોવા મળી રહ્યો છે. રોજબરોજ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે ભીડ ન થય તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાઈ રહે તે વાતનો પણ કડક પણે અમલ થાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે. બિનજરૂરી બહાર નિકળતા નાગરિકોનો વાહનો પણ ડીટેઈન કરવામાં આવી રહ્યા છે જયારે ગાંધીનગરમાં હવે માસ્ક પહેરવાનુ ફરજિયાત કરી દેવાયુ છે. અમદાવાદમાં કોરોના કેસમાં નોંધપાત્ર વધારો થયા બાદ માસ્ક નહીં પહેરનાર પાસેથી આકરો દંડ પણ વસુલવામાં આવી રહ્યો છે. આવા સંજોગોમાં પાટનગરમાં પણ માસ્ક વગર દંડ વસુલવાની શરૂઆત કરી દેવામાં આવી છે. શહેરના તમામ એન્ટ્રી પોઈન્ટ સર્કલો અને શોપિંગ સેન્ટરો પર પોલીસ પહેરો જોવા મળી રહ્યો છે.

### નિર્ણાયક હશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. જે જિલ્લામાં હજુ સુધી કોરોના વાયરસના કેસો આવ્યા નથી તે જિલ્લાઓને સંક્રમણથી દૂર રાખવાના પ્રયાસો થઈ રહ્યા છે. એક જિલ્લાની નિષ્ફળતા સમગ્ર દેશની નિષ્ફળતાનું કારણ બની શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, કેબિનેટ સચિવના નેતૃત્વમાં રાજ્યોની સાથે વિડિયો કોન્ફરન્સિંગ થઈ છે. આ મિટિંગમાં કન્ટેનમેન્ટ સ્ટ્રેટેજી ફિલ્ડ લેવલને મેનેજ કરવાના સંદર્ભમાં માહિતી આપવામાં આવી હતી. અગ્રવાલે કહ્યું હતું કે, બફર ઝોનમાં તમામ આરોગ્ય સુવિધા આપવામાં આવશે. કન્ટેનમેન્ટ ઝોનમાં સ્પેશિયલ ટીમ મારફતે સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવશે. સમગ્ર દેશના તમામ જિલ્લાને ત્રણ કેટેગરીમાં વિભાજિત કરાયા છે જેમાં હોટસ્પોટ, નોન હોટસ્પોટ અને ગ્રીન ઝોન ડિસ્ટ્રીક્ટનો સમાવેશ થાય છે. હોટસ્પોટ એ જિલ્લાઓ છે જ્યાં વધારે કેસ આવી રહ્યા છે અથવા તો કોરોના ફેલાવાનો દર ઉંચો છે. જ્યાં કોરોનાના એક બે કેસો આવી રહ્યા છે તેમને નોન હોટસ્પોટ તરીકે ગણવામાં આવ્યા છે.

### ભોગ લેવાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. અમેરિકી તંત્રે તમામ તાકાત લગાવી દીધી હોવા છતાં કેસોની સંખ્યામાં અને મોતના આંકડામાં સતત વધારો થઈ રહ્યો છે. ટ્રમ્પ હાલમાં ભારે જટિલ સ્થિતીમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ પરિસ્થિતિને કાબૂમાં લેવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે ત્યારે ચીન અને અન્ય દેશો ઉપર બિનજરૂરીરીતે પ્રહાર કરી રહ્યા છે. હાલમાં સ્થિતિને કાબૂમાં લેવા માટે વધુ પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે કોરોનાના કારણે અમેરિકાના ઈતિહાસમાં સૌથી ભયાનક સ્થિતી હાલમાં સર્જાયેલી છે. સ્થિતી એવી થઈ ગઈ છે કે લાશોની દફનવિધી કરવા માટે હવે જગ્યા બચી નથી.